દાખલ તારીખઃ ૧૪–૧૧–૨૦૨૫
રજીસ્ટર તારીખઃ ૧૪–૧૧–૨૦૨૫
ફેસલ તારીખઃ ૩૦–૦૩–૨૦૨૬
સમયગાળોઃ વર્ષ–માસ–દિવસ

## ધોરાજીના પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજશ્રીની કોર્ટમાં, મું. ધોરાજી.

**દિવાની પરચુ. અરજી નં.૬૫/૨૦૨૫**

૧. હેતલબેન જયેશભાઈ લકકડ

હે. હીરપરા વાડી, શેરી નં.૪, મું. ધોરાજી. ........**અરજદાર**

**વિરૂધ્ધ**

૧. ગીરીરાજ એન્ટરપ્રાઈઝ તે તેનાં મેનેજર મારફતે

ગીરીરાજ એન્ટરપ્રાઈઝ,

સંજયભાઈ જમનભાઈ લકકડ

હે. મીતળી રોડ, મું. માણાવદર

૨. સંજયભાઈ જમનભાઈ લકકડ તે હાલ

ગીરીરાજ એન્ટરપ્રાઈઝનાં ભાગીદાર

હે. બ્લોક નં.૧/ઈ, ઓસવાડ–૪, આવાસ યોજના પાછળ,

મું. જામનગર ...... **સામાવાળા**

બાબતઃ–**<u>પક્ષકાર તરીકે જોડવા અને તે મુજબ દાવાનાં મથાળામાં તથા દાવામાં સુધારો ઉમેરો કરવા દેવા પરવાનગી આપવા અંગે... સી.પી.સી.ઓ.–૧, રૂલ–૧૦(૨) અન્વયે તથા સી.પી.સી.ઓ. –૬ રૂલ–૧૭ અન્વયે.</u>**

---

| | |
|---|---|
| અરજદારપક્ષે | :– વિ.વ.શ્રી જે. આર. સીરોયા |
| સામાવાળા તરફે | :–વિ.વ.શ્રી એ. જી. કાપડીયા |
| સુચીત પક્ષકાર તરફે | :– વિ.વ.શ્રી કે. એમ. પારેખ |

---

## –// <u>ઠ રા વ</u> //–

(૧) અરજી વંચાણે લીધી તથા દલીલો ધ્યાને લીધી તથા વિ.વ.શ્રીને સાંભળ્યા. સદર અરજીમાં વાદીએ એવી હકીકત જણાવેલ છે કે, આ કામનાં પ્રતિવાદીઓ સામે તેઓએ હાલનો દાવો દાખલ કરેલ છે અને પ્રતિવાદી નં.૨ ની જામનગર મુકામે આવેલ મિલકતમાંથી તેઓનું લેણું વસુલ અપાવવા અને પ્રતિવાદી મિલકતમાં ફેરફાર કરે કરાવે નહીં તે માટે આંક–પ થી દરમ્યાન મનાઈ હુકમ મળવા અરજી દાખલ કરેલ. પરંતુ પ્રતિવાદીઓને દાવાનાં સમન્સ નોટીસ બજતાં ગમે તે રીતે સદરહું મિલકત બેન્ક મારફતે કોઠીયા શારદાબેન ભુદરભાઈ નામની વ્યકિતને તા.૨૫/૯/૨૦૨૦ ના રોજ રજી. દસ્તાવેજ અનુ.નંબર–૪૯૫૭ થી ટ્રાન્સફર કરાવી નાંખેલ જે અંગે તેઓને હાલમાં જ જાણ થયેલ હોય જેથી સદરહું શારદાબેન ભુદરભાઈ કોઠીયાને આ

કામે પક્ષકાર તરીકે દાખલ કરવા જરૂરી હોવાનું જણાવેલ છે. વધુમાં જણાવેલ છે કે, તેઓએ દાવામાં જે મિલકતમાંથી તેઓનું લેણું વસુલ અપાવવા માટે માંગણી કરેલ છે તે મિલકત બેન્ક ઓફ બરોડા મારફતે કોઠીયા શારદાબેન ભુદરભાઈને વેચાણ આપી દીધેલ છે, જેની જાણ તેઓને હાલમાં જ થયેલ હોય કોઠીયા શારદાબેન ભુદરભાઈ પણ હાલનાં દાવાનાં જરૂરી પક્ષકાર છે અને દાવાનાં ન્યાય નિર્ણય વખતે કોઠીયા શારદાબેન ભુદરભાઈને પ્રતિવાદી નં.૩ તરીકે જોડવા જરૂરી છે તેમજ દાવામાં તે મુજબ સુધારો થવો જરૂરી છે તેમ જણાવેલ છે. વધુમાં જણાવેલ છે કે, હજુ હાલનાં દાવામાં કામ પુરાવા ઉપર આવેલ નથી, પ્રતિવાદીઓનાં જવાબ માટે કામ મુલત્વી છે, કાનુની ક્ષતિ રહી જવા પામે નહીં અને નામદાર અદાલતને ન્યાયનિર્ણય વખતે સુગમતા રહે તે માટે તેમજ દાવાનાં આખરી નિર્ણય વખતે જે પક્ષકારની જરૂરીયાત છે તે પક્ષકારની હાજરી રહે તે માટે પ્રતિવાદી નં.૩ તરીકે કોઠીયા શારદાબેન ભુદરભાઈને રેકર્ડ પર લાવવા જરૂરી હોય અને તે મુજબ દાવામાં સુધારો કરવો જરૂરી હોય જેથી હાલની અરજી કરવા ફરજ પડેલ હોવાનું જણાવેલ છે.

જેથી વાદી તરફે હાલની અરજી લાવી અરજ કરેલ છે કે, દાવામાં પ્રતિવાદી નં.૩ તરીકે (૩) કોઠીયા શારદાબેન ભુદરભાઈ, ધર્મે–હિન્દુ, જ્ઞાતે–પટેલ, ધંધો–ઘરકામ, ઉ.વ.આ.–૬૬, રહે.નસીતપર, તાલુકો–ટંકારા, જીલ્લો–મોરબી, મુકામ–નસીતપર તે રીતે પ્રતિવાદી નં.૩ તરીકે દાવામાં દાખલ કરવા પરવાનગી આપવા તેમજ દાવાનાં

મથાળામાં સુધારો કરવા દેવા પરવાનગી આપવા અરજ કરેલ છે તેમજ દાવાનો પેરેગ્રાફ–૫ જયાં પુરો થાય ત્યાં તુરત જ ''તદઉપરાંત પ્રતિવાદી નંબર–૩ નાં ને અમો વાદીએ તારીખ:–૩/૯/૨૦૨૦ નાં રોજ અમોએ હાલનો દાવો દાખલ કરેલ હોય જેથી આ મિલકત ખરીદ કરવી નહીં તેવી જાણ કરતી નોટીસ આપવા છતાં પ્રતિવાદી નંબર:–૩ નાં એ બેન્ક ઓફ બરોડા પાસેથી તારીખ:–૨૫/૯/૨૦૨૦ નાં રોજ રજી.અનુ. નંબર:–૪૯૫૭ થી સેલ સર્ટીફીકેટ કરાવી લીધેલ. જે રદબાતલ ઠરાવવા અમો વાદીઓ હકકદાર છીએ.'' તે મુજબ દાવામાં સુધારો કરવા દેવા તેમજ દાદનાં પેરા–૭(૪) માં જયાં પેરેગ્રાફ પુરો થાય તે બાદ તુરત જ ''પ્રતિવાદી નંબર:–૩ નાં એ અમારું લેણું ડુબાડવાનાં બદઆશયથી પ્રતિવાદી નંબર:–૨ સાથે મળી જઈ બેન્ક મારફત તારીખ:–૨૫/૯/૨૦૨૦ નાં રોજ રજી. અનુ. નંબર:–૪૯૫૭ થી સેલ સર્ટીફીકેટ કરાવી લીધેલ જે વેચાણ અમોને કોઈપણ રીતે બંધનકર્તા નથી તેવું ઠરાવી આપવા તેમજ અમારું લેણુ ઉભેલ હોવા છતાં પ્રતિવાદી નંબર:–૩ નાં એ સદરહું મિલકત અમોને જાણ કર્યા વિના સેલસર્ટીફીકેટથી વેચાણ લેવા કોઈ હકક, સતા કે અધિકાર ન હોય જેથી રજી.અનુ. નંબર:–૪૯૫૭ વાળું તારીખ:–૨૫/૯/૨૦૨૦ નાં રોજનું સેલસર્ટીફીકેટ રદબાતલ ઠરવાનો પાત્ર છે તેવું ઠરાવી આપવા તેમજ'' તે મુજબ સુધારો કરવા દેવા પરવાનગી આપવા અરજ કરેલ છે અને જણાવેલ છે કે ઉપરોકત રીતે દાવામાં પ્રતિવાદી પક્ષે પક્ષકાર જોડવાથી તથા દાવામાં મથાળામાં સુધારો કરવાથી તેમજ

દાવામાં સુધારો ઉમેરો કરવાથી દાવાની વિષયવસ્તુમાં કોઈ ફરક પડે તેમ નથી તેમ જણાવેલ છે.

(૨) વાદીની હાલની અરજી લગત અરજી મુજબનાં સુચિત પક્ષકારને નોટીસ કરતાં તેઓ પોતાનાં વિદ્વાન વકીલશ્રી મારફત હાજર થયેલ અને આંક–૩૦ થી સદર અરજી સામે જવાબ–વાંધા રજુ કરવામાં આવેલાં છે. જેમાં જણાવ્યા મુજબ વાદીનો દાવો ખરી હકીકતે ટકવાપાત્ર નથી, ટેરેટોરીયલ જયુરીશડીકશનનાં ગ્રાઉન્ડ ઉપર ટકવા પાત્ર પણ નથી અને દાખલ થવા પાત્ર પણ નથી. વાદી તરફથી રજુ કરવામાં આવેલ માર્ક ૪/૧ જોવામાં આવે તો ગિરિરાજ એન્ટરપ્રાઈઝ નું સરનામું ધોરાજી હકુમતનું નથી કે તેમાં એક પણ ભાગીદાર ધોરાજી રહેતો હોય તેવું નથી કે તેમનાં બેંકનાં ખાતા કે કોઈ વ્યવહાર ધોરાજીથી થયેલ હોવાનું નથી, દસ્તાવેજી પુરાવો સમગ્રતામાં જોવામાં આવે તો પણ સદર પેઢી ધોરાજીમાં ચાલતી હોય તેવું દેખાડવાનો કોઈ દસ્તાવેજ નથી કે તેઓએ ખરીદ કરેલી મિલકત સદર પેઢીમાં કોઈ રીતે મૂડી તરીકે આવેલી હોય કે કોઈ ભાગીદારના તરફથી ચાર્જમાં અપાયેલી હોય કે તેનાં ઉપર કોઈપણ જાતનો બોજો હોય તેવુ પણ નથી તેમ જણાવેલ છે. વધુમાં જણાવેલ છે કે, વાદી તરફથી જે મિલકત અંગે દાદ માંગવામાં આવી રહી છે, તે મિલકત જામનગર જિલ્લાની છે, આવા સંજોગોમાં પણ વાદીને આ દાવો ધોરાજી કોર્ટમાં લાવવા માટે કોઈ જાતનો હકક, સત્તા કે અધિકાર નહીં હોવાનું જણાવેલ છે. વધુમાં જણાવેલ છે કે, સી.પી.સી.ઓર્ડર–૧ રૂલ–૧૦(૨) જોવામાં આવે તો, ''અદાલત

પક્ષકાર ઉમેરી શકે અથવા રદ કરી શકે: અદાલત સુનાવણીના કોઈપણ તબકકે પક્ષકારોની અરજીથી કે અરજી વગર અને અદાલતને ન્યાય લાગે તે શરતો સાથે એવો હુકમ કરી શકે કે અયોગ્ય રીતે વાદી કે પ્રતિવાદી તરીકે સંયોજિત થયેલા પક્ષકારનું નામ કાઢી નાખું અને કોઈપણ વ્યકિત જેને વાદી પ્રતિવાદી તરીકે સંયોજિત કરવી જોઈતી હતી અથવા જેની અદાલત સમક્ષ હાજરી દાવામાં ખંડોવાયેલાં પ્રશ્નોના નિકાલ અને દાવાનો સંપુર્ણ અસરકારક ફેસલો આપવા જરૂરી લાગે તેને ઉમેરવાનો હુકમ કરી શકશે''. વધુમાં જણાવેલ છે કે, આવા સંજોગોમાં સૌપ્રથમ તો દાવાનાં કારણ દાવા અરજી પેરેગ્રાફ નં. ૮ જોવામાં આવે તો દાવાનાં કારણ સાથે સુચિત પક્ષકારને કોઈ લેવા કે દેવા નથી, દાવાનું કારણ કહેવાથી ભાગીદારી પેઢીના હિસાબોનું છે જે ભાગીદારી પેઢીમાં તેઓ કોઈ જગ્યાએ પક્ષકાર નથી કે ભાગીદાર પણ નથી, આવા સંજોગોમાં તેઓને આ દાવામાં જોડી શકાય તેવું કોઈ કારણ નથી. વધુમાં જણાવેલ છે કે, જયારે મુખ્ય દાવાનું કારણ ન હોય ત્યારે તેઓને પક્ષકાર ન જોડી શકાય તેવી રજુઆત કરેલ છે અને તેઓ માત્ર સીકયુટરાઈઝેશન એકટ હેઠળની કાર્યવાહીના ભાગરૂપે થયેલી હરાજીના પરચેઝર છે તે સિવાય વાદીને તેઓની સાથે કે તેઓએ ખરીદ કરેલ મિલકત સાથે પણ કોઈ જાતનો વ્યવહાર થયેલ નહીં હોવાનું જણાવેલ છે.

વધુમાં જણાવેલ છે કે, કાયદાની દ્રષ્ટિએ જોવામાં આવે તો પણ તેઓએ જે મિલકત ખરીદ કરી છે તે જામનગર જિલ્લાની હદની મિલકત

છે તેની તકરાર સાંભળવા કે ચલાવવા કોઈપણ રીતે અત્રેની અદાલતને હકુમત નથી અને તેનાથી વિશેષ તેઓએ જે મિલકત ખરીદ કરેલી છે તે મિલકત સીકયુરાઈઝેશન એકટના પ્રોસીડીંગના અંતે ખરીદ કરવામાં આવેલી છે. સીકયુટાઈઝેશન એકટ હેઠળ નોટીસ પાઠવવામાં આવેલી હતી તે નોટીસના આધારે કબજો લેવામાં આવેલો હતો અને આ કબજો લીધા પછી હરાજીમાં બેન્ક ઓફ બરોડા પાસેથી તેઓએ મિલકત ખરીદ કરેલી છે જે દસ્તાવેજ વાદી તરફથી રજુ થયો છે તે જોવામાં આવે તો તેમાં પણ પેજ નં.૩ માં ઉલ્લેખ છે કે, ''ના બાંધકામ સહિતની સાવર મિલકતના માલીક સંજય જમનભાઈ લકકડ એ બેન્ક ઓફ બરોડા (પુર્વવત દેના બેન્ક), જાગનાથ પ્લોટ શાખા, રાજકોટમાંથી મેસર્સ ખોડીયાર ઓઈલ ઈન્ડસ્ટ્રીઝના નામથી ચાલતી ભાગીદારી પેઢી એ લોન/નાણાકીય સવલત માટે જામીનગીરી માટે જામનગર રજીસ્ટ્રાર કચેરીમાં તા.૨૨/૧૦/૨૦૧૨ તથા તા.૨૧/૦૨/૨૦૧૪ થી સદરહું મિલકત અનુક્રમે મોર્ગેજ તથા મોર્ગેજ એકસટેન્શન રજીસ્ટર્ડ કરી આપેલ.'' અને આગળ એવો પણ ઉલ્લેખ પેરેગ્રાફ નં.૪ માં છે કે, ''ત્યારબાદ ડીસ્ટ્રીકટ મેજીસ્ટ્રેટ, જામનગરના હુકમ નં.ડી એમ/સરફેસી/રજી નંબર ૧૦૦૮/૨૦૧૬ અન્વયે મામલતદાર અને એકિઝકયુટીવ મેજીસ્ટ્રેટ જામનગર શહેર દ્વારા સદરહુ મિલકતનો પ્રત્યક્ષ કબજો અમુક બેંકને સોંપવામાં આવેલ છે. ત્યારબાદ સદરહું મિલકતની કલમ ૬(૨), ૮(૬)(તથા કલમ ૯(૧) સાથે વાંચતા) હેઠળ હરાજી કરેલ તેમજ ઈ ઓપ્શન સેલ નોટીસ

ગુજરાતી દૈનિક અખબાર દિવ્યભાસ્કર તથા અંગ્રેજી અખબાર ટાઈમ્સ ઓફ ઈન્ડિયામાં ૧૩/૨/૨૦૨૦ ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવેલ....'' આમ આખો વ્યવહાર સીકયુરાઈઝેશન એકટ એટલે કે ધ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શીયલ એસેટ એન્ડ ઈન્ફોર્સમેન્ટ ઓફ સીકયુરીટી એકટ ૨૦૦૨ ની જોગવાઈઓને આધીન થયેલ હોવાનું જણાવેલ છે. વધુમાં જણાવેલ છે કે, સીકયુરાઈઝેશન એકટની કલમ ૩૪ જોવામાં આવે તો, ''કોઈપણ દીવાની કોર્ટને દેવા વસુલાત ટ્રિબ્યુનલ અથવા એપેલેટ ટ્રિબ્યુનલને આ અધિનિયમથી અથવા તે અધિનિયમ હેઠળ નિર્ણય કરવાની સત્તા આપેલી હોય તેવી કોઈ પણ બાબતના સબંધમાં, કોઈપણ દાવો અથવા કાર્યવાહી દાખલ કરવાની હકુમત રહેશે નહીં અને કોઈપણ કોર્ટ અથવા બીજી સત્તા મંડળ આ અધિનિયમથી અથવા તે હેઠળ અથવા બેંક અને નાણાકીય સંસ્થાના લેણાની દેવાની વસુલાત બાબત અધિનિયમ ૧૯૯૩ હેઠળ મળેલી કોઈપણ સત્તા અનુસાર લીધેલા અથવા લેવાના કોઈપણ પગલા સબંધમાં કોઈ મનાઈ હુકમ આપી શકશે નહીં'' જેથી આવા સંજોગોમાં સાથે સાથે સદર કાયદાની કલમ ૩૭ જોવામાં આવે તો ''આ અધિનિયમની અથવા તે હેઠળ કરેલ નિયમોની જોગવાઈ કંપની અધિનિયમ ૧૯૫૬ સીકયુરીટી કરાર અધિનિયમ ૧૯૫૬, ભારત જામીનગીરી અને હુંડીયામણ બોર્ડ અધિનિયમ ૧૯૯૩ અથવા તે સમયે અમલમાં હોય તેવા બીજા કોઈપણ કાયદા ઉપરાંત ગણાશે તેવું અલ્પિકરણ કરી શકાશે નહીં'' તેમ જણાવેલ છે.

વધુમાં જણાવેલ છે કે, સદર પ્રક્રિયા વાદીએ રજુ કરેલા દસ્તાવેજ પ્રમાણે સીકયુટરાઈઝેશન એકટ હેઠળની પ્રક્રિયા હોવાનું સ્પષ્ટપણે પુરવા થાય છે, અને આવા સંજોગોમાં તેઓની સામેની સદર દસ્તાવેજને પડકારવાની કે કોઈપણ દાદ સાંભળવાની પણ અત્રેની અદાલતને હકુમત કે સત્તા ન હોવાનું જણાવેલ છે. વધુમાં જણાવેલ છે કે, દસ્તાવેજી પુરાવો રજુ છે તે જોતાં અત્રેની અદાલતને સ્પષ્ટ થશે કે આખી પ્રક્રિયા સીકયુટોરાઈઝેશન એકટ હેઠળની થયેલી છે અને તે પ્રક્રિયાના અંતે ડીસ્ટ્રીકટ મેજીસ્ટ્રેટના હુકમથી મિલકતનો કબજો બેંક ઓફ બરોડાને સોંપાયેલો છે, તે મિલકત હરાજીમાં તેઓએ ખરીદ કરેલ છે આવા સંજોગોમાં અત્રેની અદાલતને કાયદાકીય હુકમત પણ નહીં હોવાનું જણાવેલ છે. વધુમાં જણાવેલ છે કે, આ મિલકત ઉપર વાદીઓનો કોઈપણ જાતનો બોજો કે ચાર્જ રજીસ્ટર નથી, ઈશા માર્બલના ચુકાદામાં વડી અદાલતે સ્પષ્ટ ઠરાવેલું છે કે, auction purchaser is not liable for prior dues. આ સિધ્ધાંતને ધ્યાનમાં લેતાં, તેઓની આ દાવાના લેણા અંગેની કોઈ જરૂરી નથી કે તેઓની કોઈ જવાબદારી નહીં હોવાનું જણાવેલ છે. વધુમાં જણાવેલ છે કે, વાદીને દાવાવાળી મિલકત સાથે કોઈ વિવાદ પણ નથી, આવા સંજોગોમાં આ દાવામાં તેઓને પક્ષકાર જોડી શકાય તેમ નથી અને જયારે સી.પી.સી. ઓર્ડર–૧ રૂલ–૧૦(૨) મુજબની અરજી મંજુર થવા પાત્ર નથી ત્યારે સી.પી.સી. ઓર્ડર–૬ રૂલ–૧૭ મુજબનો કોઈ સુધારો કરવાની પરવાનગી આપી

શકાય નહીં તેમ જણાવેલ છે. વધુમાં જણાવેલ છે કે, ઉપરોકત સંજોગોમાં વાદીના દાવાને સ્પષ્ટપણે કાયદાનો તથા સ્થાનીક હકુમતનો પણ બાદ હોય તેમાં કોઈપણ રીતે તેઓને પક્ષકાર તરીકે જોડી શકાય તેમ નથી અને વાદીનાં દાવાનું કારણ જોવામાં આવે તો તેઓની સામે કોઈ કારણ પણ નથી તેમ જણાવેલ છે. વધુમાં જણાવેલ છે કે, જામનગરમાં સીકયુરાઈઝેશન એકટ હેઠળ ખરીદ કરવામાં આવેલ મિલકત અંગે કોઈ વિવાદ સાંભળવાની અત્રેની અદાલતને હકુમત ન હોય વાદીની પક્ષકાર જોડવાની અરજી ખર્ચ સહીત રદ કરવા વિનંતી કરેલ છે અને જણાવેલ છે કે ખરી હકીકતે જોવામાં આવે તો વાદીને તેઓની સામે દાવાનું કોઈ કારણ નથી, દાવાવાળી મિલકત જામનગરમાં આવેલી છે, સીકયુટોરાઈઝેશન એકટ હેઠળ વાદીના દાવાને સ્પષ્ટપણે તેઓની સામે કોઈ પણ કાર્યવાહી કરવાની બાદ છે, આમ છતાં વાદીએ અત્રેની અદાલતનો સમય બગાડેલ છે અને સુપર સિનિયર સિટીઝનને પણ લીગલ લીટીગેશનમાં ઘસડી જોવાનો વ્યર્થ પ્રયત્ન કરેલ છે જેથી પણ તેઓને માનસિક યાતના અનુભવાયેલ હોવાનું જણાવેલ છે જેથી વાદીને આવી ખોટી અરજી કરવા બદલ અને અદાલતનો સમય બગાડવા બદલ, સુચીત પક્ષકારને યાતના આપવા બદલ કોમ્પેનસેન્ટરી કોસ્ટ કરવા અને તે રકમ તેઓને ચુકવવા આદેશ ફરમાવવા અરજ કરેલ છે.

વધુમાં, આ કામનાં પ્રતિવાદીઓ તરફે વાદીની હાલની અરજી વિરૂધ્ધ કોઈ જવાબ રજુ કરવામાં આવેલો નથી.

(૩) સદર અરજીના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઘડવામાં આવેલા છે.

**–:: <u>મુ દ્દા</u> ::–**

(૧) શું અરજદાર અરજીમાં માંગ્યા મુજબની દાદ મેળવવા હક્કદાર છે?

(૨) શું હુકમ ?

(૪) ઉપરોક્ત મુદ્દાઓ પરત્વેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧. નકારમાં

૨. આખરી હુકમ મુજબ

**// <u>કા ર ણો</u> //**

**<u>મુદ્દા નં. ૧ ની ચર્ચાઃ–</u>**

(૫) આ તબક્કે સી.પી.સી.ઓર્ડર–૧, રૂલ–૧૦(૨) ની જોગવાઇને ધ્યાને લઇએ, તો તે નીચે મુજબ છે.

ORDER I

Parties to Suits

10. Suit in name of wrong plaintiff.—

(2) Court may strike out or add parties.—The Court may at any stage of the proceedings, either upon or without the application of either party, and on such terms as may appear to the Court to be just, order that the name of any party improperly joined, whether as plaintiff or defendant, be struck out, and that the name of any person who ought to have been joined, whether as plaintiff or defendant, or whose presence before the Court may

be necessary in order to enable the Court effectually and completely to adjudicate upon and settle all the questions involved in the suit, be added.

વધુમાં, દિવાની કાર્યરીતી સંહિતા–૧૯૦૮ ઓર્ડર–૬, રૂલ–૧૭ ની જોગવાઇ ધ્યાને લેતાં, અદાલતને મુળ દાવા અરજી અને વચગાળાની અરજીમાં સુધારા વધારા કરવાની સતાઓ આપેલ હોવાનું જણાઇ આવે છે. આમ, અત્રેની અદાલતને જો અરજદારની અરજીમાં તથ્ય જણાય તો યોગ્ય રીતે સામાવાળાનો જવાબ વંચાણે લઇ મુળ દાવા અરજી તેમજ વચગાળાની અરજીમાં યોગ્ય તે સુધારો કરી શકશે તેવું ઠરાવેલ હોય અને તેવી કાયદાકીય જોગવાઇ હોય તે જોગવાઇઓને નીચે મુજબ વંચાણે લેવામાં આવેલ છે.

સી.પી.સી.ઓર્ડર–૬, રૂલ–૧૭ ની જોગવાઇને ધ્યાને લઇએ, તો તે નીચે મુજબ છે.

Amendment of pleading- The Court may at any stage of the proceeding allow either party to alter or amend his pleadings in such manner and on such term as may be just, and all such amendments shall be made as may be necessary for the purpose of determining the real question in controversy between the parties:

Provided that no application for amendment shall be allowed after the trail has commenced, unless the Court comes to the conclusion that in spite of due diligence, the party could not have raised the matter before the commencement of trail.

વધુમાં, સી.પી.સી. ઓર્ડર–૬લ રૂલ–૧૭ ની જોગવાઇને ધ્યાને લેતાં, અદાલત કાર્યવાહીના કોઇ પણ તબક્કે બેમાંના કોઇ પણ એક

પક્ષકારને તે પક્ષનિવેદનમાં પોતાને યોગ્ય લાગે તે શરતોથી ફેરફાર કે સુધારો કરવાની પરવાનગી આપી શકે અને આવા તમામ સુધારાઓ પક્ષકાર દાવાના પ્લીડીંગમાં તથા જરૂર જણાય ત્યાં તથા દાદમાં જરૂરી હોય તે મુજબ કરવામાં આવશે.

અરજી અંગે બંને પક્ષની દલીલો સાંભળી. આ કામનાં વાદી નાઓએ તેઓની હાલની અરજી મુજબ હર્ડ કહી તેમજ કોડ ઓફ સિવિલ પ્રોસીજર, ૧૯૦૮ ના ઓર્ડર–૧ રૂલ–૧૦(૨) અને ઓર્ડર–૬ રૂલ–૧૭ ધ્યાને લઈ તેમજ તેઓએ તરફે જે આંક–૧૨ થી દસ્તાવેજી પુરાવા લીસ્ટ જે અરજી સંદર્ભેનાં દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે તે ધ્યાને લઈ યોગ્ય કરવા અરજ કરેલ હોવાનું જણાઈ આવે છે. આ કામમાં જેઓને દાવાનાં પક્ષકાર તરીકે જોડવા માટે નોટીસ કરવામાં આવેલ તે શારદાબેન ભુદરભાઈ કોઠીયાને અત્રેની અદાલતે નોટીસ કરતાં તેઓએ આંક–૩૦ થી તેઓનો હાલની અરજી સંદર્ભનો નોટરાઈઝડ જવાબ તેઓનાં વિધ્વાન વકીલશ્રી મારફતે અત્રેની અદાલત સમક્ષ રજુ રાખેલ છે અને તે સંદર્ભે તે જવાબ રજુ રાખનાર વિધ્વાન વકીલશ્રી કે. એમ. પારેખ નાઓને હાલની અરજી સંદર્ભે સાંભળતાં તેઓએ વાદીની પ્લીડીંગની પારા નં.૮ ધ્યાને લેવા જણાવેલ છે તેમજ માર્ક ૧૨/૪ થી જે સદર કામની તકરારી મિલકત સંદર્ભેનો સને–૨૦૧૨ ની સાલનો મોર્ટગેજ થયેલ છે તે ધ્યાને લેવા જણાવેલ છે, તેમજ હાલનાં કામનો દાવો સને–૨૦૨૦ માં આ કામનાં વાદી લઈને આવેલ હોવાનું સુચિત પક્ષકારનું કથન છે. તેમજ

પ્લીડીંગનાં પારા નં.૫ અને સરફેસી કાયદાની કલમ–૩૪ અને ૩૭ ધ્યાને લઈ અત્રેની અદાલતને સદર દાવો ચલાવવાની સત્તા ન હોવાનું પણ વિધ્વાન વકીલશ્રી મારફતે દલીલ કરવામાં આવેલ છે. આમ હાલની અરજી સંદર્ભે બંને પક્ષકારોની દલીલો ધ્યાને લેતાં, તેમજ આ કામનાં વાદી તરફે જે માર્ક ૧૨/૪ થી જે સબ–રજીસ્ટ્રાર સમક્ષનું સેલ સર્ટીફીકેટ રજુ કરવામાં આવેલ છે અને તે અંગેની દલીલ જે સુચિત પક્ષકારનાં વિધ્વાન વકીલશ્રીએ કરેલ છે તે ધ્યાને લેતાં અત્રેની અદાલતને એવું જણાય છે કે આ કામનાં સુચિત પક્ષકારે સદર તકરારી મિલકત તે સરફેસી હેડ હેઠળ બેન્ક પાસેથી પ્રથમ દર્શનિય રીતે ખરીદ કરેલ હોવાનું જણાઈ આવે છે. જેથી હાલનાં તબકકે જયારે તેઓએ તકરારી મિલકત યોગ્ય રીતે ખરીદેલ હોય તેવા સંજોગોમાં સુચિત પક્ષકારને હાલનાં દાવાનાં કામે જોડવા તે કોડ ઓફ સિવિલ પ્રોસીજર, ૧૯૦૮ ના ઓર્ડર–૧ રૂલ–૧૦(૨) મુજબ યોગ્ય અને ન્યાયોચીત જણાઈ આવતું નથી. જેથી આ કામે સુચિત પક્ષકારે જયારે તકરારી મિલકત સરફેસી હેડ હેઠળ બેન્ક પાસેથી ખરીદ કરેલ હોવાનું જણાઈ આવેલ હોય જેથી તેનાં અનુસંધાને સી.પી.સી. ઓર્ડર–૬ રૂલ–૧૭ અન્વયે જે સુધારો દાવા અરજીમાં કરવા દાદ વાદી દ્વારા માંગવામાં આવેલ છે તે સુધારો પણ દાવામાં સુચિત પક્ષકારને પ્રતિવાદી તરીકે જોડયા બાદ જ થઈ શકે તેવા પ્રકારનો સુધારો હોય જેથી, સી.પી.સી. ઓર્ડર–૬ રૂલ–૧૭ મુજબનો સુધારો કરવા પરવાનગી આપી શકાય તેમ ન હોવાનું અત્રેની અદાલતને જણાઈ આવે છે. જેથી

મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપી મુદ્દા નં.૨ અંગે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–// <u>હુકમ</u> //–**

1. અરજદારની સદર અરજી આથી "**ના–મંજુર**" કરવામાં આવે છે.
2. ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૩૦/૦૩/૨૦૨૬

(સુનિલ વામન વાઘ)
**પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ,**
**ધોરાજી.**
(જજ કોડ- જીજે૦૧૨૫૮)